# શિશુ વાર્તા

ભાલકા નામની સુંદર જગા.

વેરાવળ થી થોડેક જ દૂર.

આ જગ્યામાં પીપળાનું ઝાડ.

એનો ટાઢેરો છાંયડો.

કૃષ્ણ ભગવાનને ફરતાં ફરતાં થાક લાગ્યો.

પોરો ખાવાની જરૂર લાગી.

તેને થયું કે લાવ પોરો ખાઈ લઉં !

એમ વિચારી થડનો ટેકો લીધો.

શરીર ઢીલું કર્યું.

કૃષ્ણ ભગવાન બોલ્યા : 'હાશ ! ટાઢક મળી.



ભલું થાજો આ ઝાડનું !

ભલું થાજો આ ઝાડ ઉછેરનારનું !'

એક રેશમી પીળું લૂગડું પહેરેલું છે.

માથે મુગટ છે.

કેડે કંદોરો છે.

ગળામાં મોતીનો હાર છે.

દુશ્મનને પણ વહાલા લાગે તેવો દેખાવ છે.

પગ ઉપર પગ ચઢાવેલા છે !

લાલ ચટક પગના તળિયા શોભે છે...

એટલામાં સનનન....કરતું આવ્યું એક તીર !

પગના તળિયામાંથી લોહીની ધાર ફૂટી.

'માફ કરો, મારાથી મોટી ભૂલ થઈ છે, દેવ ! માફ કરો.

શિકારી દોડતો આવી પગે પડી ગયો.

કૃષ્ણે વહાલથી પૂછ્યું : 'કોણ છે ભાઈ તું ?'

'હું પાપી છું.

મારું નામ છે જરા.

મેં જ ભૂલથી તીર છોડ્યું છે.'

તેની આંખમાંથી બોર બોર જેવડા આંસુડાં વહેતાં હતાં.

મનમાં ભારે ખેદ.

શ્રીકૃષ્ણે તેને હેતથી કહ્યું :

'ભાઈ ! ખેદ શા માટે કરે છે ?'

થવાનું હોય તે તો થાય છે જ !

મારું થાકેલું શરીર !

એને આરામની જરૂર હતી.

હવે એને કાયમી આરામ મળશે.

ભલું થજો ભાઈ તારું.

તારો ઉપકાર કેમ ભુલાય ?

અને શ્રીકૃષ્ણે સદા માટે આંખો બીડી દીધી.

બૂરું કરનારનુંય ભલું કરવાની ભાવના !

આવી ભાવના જેના હૈયામાં હોય એનું નામ ભગવાન !

■